**Economics - Problems and Issues of Society**

# Indian poverty

**PROF - Mukesh K.Agrawal**

**G.D.MODI COLLEGE OF ARTS, PALANPUR**

- **પ્રસ્તાવના:-**

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. ૬૦ થી ૭૦ ટકા લોકો ગામડામાં રહે છે. રોજગારી માટે સમાજનો મોટો વર્ગ ખેતી અને ખેતી સાથે સંકળાયેલા ઉદ્યોગો પર આધાર રાખે છે. ભારતની ભૌગોલિક, સામાજિક અને આર્થિક વ્યવસ્થા પણ એ પ્રકારની છે કે પ્રાથમિક જરૂરીયાતો માટે ગામડાં પર આધાર રાખવો પડે છે. ઉદ્યોગો માટે કાચોમાલ, શ્રમીકો, જમીન, ટેકનોલોજીના ઉપયોગ વગેરે બાબતો નો આધાર રહેલો છે. દેશમાં આર્થિક વિકાસની ગતિ ધીમી હોવાથી ગરીબી, બેકારી અને વસ્તીવધારા જેવા વિસ્ફોટક પરિબળો દેશના અર્થતંત્રને સીધા અસર કરે છે. અર્થતંત્રનો વિકાસ ગોકૂળ ગાયની ગતિ એ થઇ રહ્યો છે. તે પણ રાત્રીના ચોરની માફક ગરીબી અને બેકારી જેવા રાક્ષસો ભરખી જાય છે. એક અંદાજ મુજબ ભારતમાં મે ૧૯૬૦-૬૧ માં ૧૬.૭ કરોડ વ્યક્તિ ગરીબી રેખા નીચે જીવતા હતા. ૧૯૭૦-૭૧ માં તેમની સંખ્યા ૨૪.૧ કરોડ થઇ. ૧૯૭૭-૭૮ માં ૩૨.૯ કરોડ થઇ ગઇ ૧૯૮૭-૮૮ માં ૩૦.૭ કરોડ, અને ૧૯૯૩-૯૪ માં ૩૨.૦ કરોડ થઇ જ્યારે ૧૯૯૯-૨૦૦૦ માં વધીને ૩૬ કરોડ ૨૦૦૪-૨૦૦૫ માં ૨૩.૮૫ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવતા હતા. છેલ્લા અંદાજ મુજબ વર્ષ ૨૦૧૫ માં ભારતમાં કુલ ૩૯ કરોડ લોકો ગરીબ છે. તેમાં ૧૯ કરોડ લોકોને બે ટાઇમ ખાવા પણ મળતું નથી.

આમ ભારતમાં ગરીબી જેવા મહાકાય રાક્ષસને રોકવામાં નહિ આવે તો આવનાર દિવસોમાં અર્થતંત્ર પર સૌથી મોટી આફત આવીનુ ઉભી થશે. કારણ કે શિક્ષણના પ્રમાણમાં રોજગારીની તકો ઓછી થતી જાય છે. જેના લીધે બેકારી વધતી જાય છે. અને આ બેકારી ગરીબીને નોતરે છે. તેમ કહીએ તો કોઇ અતિશયોક્તિ નથી.

### ❖ ગરીબીનો અર્થ

**પ્રો.ગીલનના મતેઃ-** વ્યક્તિ જીવતી રહી શકે તેટલી પાયાની લઘુત્તમ જરૂરિયાતો પૂર્ણ થાય તેટલું વપરાશ ખર્ચ ગરીબી રેખા વ્યક્ત કરે છે.

"Poverty problem is going to with us for quite some time with or without economics reforms and we have to tackle it"

**India Development Report 1997**

### ❖ ગરીબીની ધારણા

સામાન્ય રીતે ગરીબીનો અંદાજ લોકોનું નીચું જીવનધોરણથી લગાવી શકાય છે. નીચું જીવનધોરણ ને બે સ્વરૂપથી સમજાવી શકાય છે. (૧) નિરપેક્ષ સ્વરૂપ (૨) સાપેક્ષ સ્વરૂપ. આ બંન્ને ધારણાઓથી ગરીબી ને સમજી શકાય છે.

**(૧) નિરપેક્ષ ગરીબીઃ- (Absolute Poverty)** નિરપેક્ષ રીતે એવા લોકોને ગરીબ કહેવામાં આવે છે. કે જે લોકો પોતાની આવશ્યક ચીજવસ્તુઓને પણ ન્યુનત્તમ રીતે પ્રાપ્ત થઇ શકતી નથી. અન્ય શબ્દોમાં કહીએતો જે લોકો ખોરાક, કપડા, રહેઠાણ, સ્વાસ્થ્ય વગેરે જેવી વસ્તુઓ કે જરૂરી સેવાઓ પણ પ્રાપ્ત થતી નથી. તેવા લોકોને નિરપેક્ષ ગરીબ કહેવામાં આવે છે.

**(૨) સાપેક્ષ ગરીબીઃ- (Relative Poverty)** સાપેક્ષ ગરીબીએ આવકની અસમાનતાને આધારે નક્કી કરી શકાય છે. આ બાબતમાં વિભિન્ન વર્ગ ના લોકોની આવકની સરખામણી કરી લોકોના જીવન ધોરણ દ્વારા ગરીબીને માપી શકાય છે. જે વર્ગના અથવા દેશના લોકોનું જીવનધોરણ ઉંચુ અથવા પ્રત્યેક વ્યક્તિની આવકનું સ્તર નીચું હોય છે. તે ઉચ્ચ જીવનધોરણ કે વધુ આવક ધરાવતી વ્યક્તિની સરખામણીમાં ગરીબ છે. તેમ માનવામાં આવે છે. જીવનધોરણ કે આવકની સરખામણી ઉપભોગની વ્યય કે આધાર પર માપી શકાય છે. ઉ.દા.. ભારત માં ૧૯૯૮ માં પ્રત્યેક વ્યક્તિએ જાપાનની સરખામણીએ ૭૫ ઘણો તથા અમેરિકાની સરખામણી માં

૬૮ ઘણો ઓછો છે. આનો અર્થ એ થયો કે જાપાન, અમેરિકા ની આવક ની સરખામણીમાં ભારતનો નાગરિક તે દેશોની સરખામણીમાં એટલા ટકા ગરીબ છે.

**ભારતીય આયોજન પંચઃ-** ગ્રામીણ ક્ષેત્રો માટે પ્રતિદિન ૨૪૦૦ કેલરી અને શહેરીક્ષેત્રો માટે પ્રતિદિન ૨૧૦૦ કેલરીથી ઓછો કેલરીવાળો ખોરાક મેળવતી વ્યક્તિ ગરીબ કહેવામાં આવે છે. ગ્રામીણક્ષેત્રો વધારે કેલરીવાળા ખોરાકની જરૂર પડે છે. કારણકે તેમને શારીરીક શ્રમ વધારે કરવાનું હોય છે.

❖ **ભારતમાં ગરીબીનું વધતું પ્રમાણઃ-**

ભારત ગરીબ દેશ છે. એટલે કે સરેરાશ માનવી ગરીબ છે. અને કાર્યક્રમે ગરીબોની સંખ્યા જોઇએ તેટલો ઘટાડો થયો નથી. તથા ગરીબીનું ઊંડાણ પણ વધ્યું છે. ગરીબી રેખાથી જેટલા નીચે વધારે તેટલું ગરીબીનું ઊંડાણ વધારે. જેમ કે પહેલા ગરીબી રેખાથી ૭૫% નીચે ૧૦% વસ્તી હોય અને હવે તે વધીને ૨૦% થાય તો ગરીબીની કક્ષામાં વધારો થયો છે. તેમ કહી શકાય.

૧૯૬૦-૬૧ ના ભાવોએ ગણતાં જેમની માથાદીઠ આવક રૂપિયા ૨૪૦ થી ઓછી હોય તેમને ગરીબ ગણાતાં ૧૯૬૦-૬૧ માં ૨૩.૫ કરોડ વસ્તી ગરીબ હતી. ૧૯૬૭-૬૮ માં તે વસ્તી વધીને ૨૪.૭ કરોડની થઇ હતી. ૧૯૭૦-૭૧ માં ૨૬.૧૦ કરોડની હતી. છઠ્ઠી યોજનાના આરંભે ૩૩.૯ કરોડ ગરીબીની રેખા નીચે હતા. અને સદીના અંતે ૪૭.૨ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવતા હતા.

ગરીબીમાં પણ કેટલાક અંત્યંન્ત ગરીબ હોય છે. ૧૯૬૦-૬૧ માં અતિ ગરીબની ટકાવારી (ગરીબોની તુલનાએ) ૧૮% હતી. જે ૧૯૭૩-૭૪ માં વધીને ૨૫% થઇ હતી. ૧૯૫૦-૫૧ થી ૧૯૬૦-૬૧ ના ગાળામાં ભારતની રાષ્ટ્રીય પેદાશ ૪૫.૫ % વધી હતી. અને તે ગાળામાં ગરીબી રેખા નીચે ૧૩% વસ્તી અને ૩૫.૬ % અતિ ગરીબ વસ્તી વધી હતી. ૧૯૬૦-૬૧ થી ૧૯૭૪-૭૫ ના ગાળામાં રાષ્ટ્રીય પેદાશ ૫૨.૨% વધી હતી. જ્યારે ગરીબી રેખા નીચે ૧૯.૧% વસ્તી અને

અતિ ગરીબ વસ્તી ૬૫.૫% વધી હતી આમ આવક વૃધ્ધિનો દર ધીમા દરે વધે છે. અને ગરીબીની સંખ્યા ઉંચા દરે વધે છે. આ દેશની ભયંકર સ્ફોટક પરિસ્થિતી સુચવે છે.

❖ **કોણ ગરીબ છે?**

ડૉ.દાંડેકર તથા રથ મોટા કદવાળુ કુટુંબ ધરાવનારા તથા ભૂમિ વિનાના લોકોને ગરીબ તરીકે ઓળખાવે છે.

**તારણઃ-** ગરીબીનાં કારણોમાંનું એક કારણ છે. કુટુંબમાં પ્રત્યેક કમાનારને નિભાવવા પડતા આશ્રિતોની વધારે પડતી મોટી સંખ્યા ભારતમાં ગ્રામ્ય વસ્તીના સૌથી ૧૦ % ગરીબ લોકોમાં કુટુંબનું સરેરાશ કદ ૫.૮૭ નું છે. અને સૌથી ધનિક ૫ % લોકોમાં કુટુંબનું કદ નાનામાં નાનું. ૩.૭૮ નું છે. જ્યારે શહેરોમાં વસ્તીના સૌથી ગરીબ ૧૦% માં કુટુંબનું કદ ૬.૦૯ જેટલું મોટું છે. એટલે કે જેમ કુટુંબનું કદ મોટુ તેમ ગરીબી વધારે અને કદ નાનું તેમ સમૃધ્ધિ વધારે.

બીજી બાબત ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબીનું મુખ્ય કારણ ભૂમિસાધનોનો અભાવ છે. ગ્રામ્ય કુટુંબોની મોટી સંખ્યા પાસે જમીન જ નથી. તેઓ પૂર્ણ રીતે તેમના સભ્યોની જાત મહેનત પર જ આધાર રાખે છે. તેઓ ગ્રામ વસ્તીના સૌથી ગરીબ વર્ગનો એક ભાગ છે. ૧૯૫૬-૫૭ થી ૧૯૬૩-૬૪ ના ગાળામાં શ્રમજીવી કુટુંબો લગભગ ૬૦% પાસે કોઇ જમીન જ નહોતી. અને તેથી તેઓ તેમના સભ્યો ના વ્યક્તિગત શ્રમ પર જ પૂરેપુરો આધાર રાખતા. બાકીના ૪૦% જમીનના નાના ટુકડાઓ પર ખેતી કરવા છતાં તેઓનું મુખ્ય આધાર ખેતીમાં કે ખેતીની બહાર વેતન રોજગારી પર હતું. શ્રમજીવી કુટુંબોના લગભગ ૩ જેટલા કુટુંબો છૂટક મજુરો તરીકે કામ કરતા હતા. જ્યારે એમને જે જગ્યાએ કામ મળે તે જગ્યાએ કામ કરતા અને વિકલ્પે બહાર રહેતા. બાકીના કુટુંબો ઓછામાં ઓછા એક વર્ષના ગાળા સુધી લંબાવી શકાય તેવા કરાર હેઠળ કોઇ માલિક સાથે ગુલામની જેમ જોડાયેલા હતા.

ત્રીજી બાબત આમ સૌથી નીચી કક્ષાએ ગ્રામ ગરીબાઇ મોટે ભાગે ખેતમજુર કુટુંબોને કારણે છે. તેમ છતાં આ કક્ષાએ પણ તેઓ દેશના ગરીબોના અર્ધભાગ કરતાં વધુ નથી. બાકીના ગ્રામ ગરીબો સંભવતઃ નાના ખેડૂતો છે. નાના ખેડૂતોની આવકનું મુખ્ય સાધન બીજાનાં ખેતરો પર મળતી છૂટક મજુરી છે.

જ્યારે શહેરી ગરીબો તો માત્ર ગ્રામ ગરીબોનો શહેર વિસ્તારમાં ઉભરાયેલો એક ભાગ જ છે. મૂળભૂત રીતે તેઓ ગ્રામ ગરીબોની જેમ એક જ વર્ગના છે. આમ છતાં તેઓ શહેરોમાં લાંબા વખત વસવાટ કરતા. અને જીવન જીવતા હોવાને કારણે પોતાનાં આગવાં લક્ષણો પ્રાપ્ત કરે છે.

**ટેબલ – ૧ રાષ્ટ્રીય ગરીબીનું પ્રમાણ**

ગરીબી રેખા હેઠળનો વિસ્તાર (ટકાવારી)

| વર્ષ | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|
| ૧૯૯૩-૯૪ | ૫૦.૦૧ | ૩૧.૦૮ | ૪૫.૦૩ |
| ૨૦૦૪-૦૫ | ૪૧.૦૮ | ૨૫.૦૭ | ૩૭.૦૨ |
| ૨૦૦૯-૧૦ | ૩૩.૦૮ | ૨૦.૦૯ | ૨૯.૦૮ |
| ૨૦૧૧-૧૨ | ૨૫.૦૭ | ૧૩.૦૭ | ૨૧.૦૯ |

વિશ્લેષણ

ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તાર માં ગરીબી ૧૯૯૩-૧૯૯૪ માં કુલ ગરીબીનું પ્રમાણ ૪૫.૩ % જેટલું હતું. પણ જે ઘટીને ૨૦૧૧-૨૦૧૨ માં ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ૨૫.૭ % અને શહેરી ગરીબીનું પ્રમાણ ૧૩.૭% અને કુલ ગરીબી ઘટીને ૨૧.૯% જેટલી થઇ છે.

- ❖ **ભારતીય ગરીબીના વિવિધ અભ્યાસો**

ભારતમાં ગરીબી કેટલી છે. તે તપાસ કરવા માટે જુદી જુદી સમિતિઓ અને જુદા જુદા સમય અંતરે અભ્યાસ થયેલ જોવા મળે છે. ઇ.સ. ૧૮૭૦ માં શ્રી દાદાભાઇ નવરોજીએ “ભારતની ગરીબી” નામનું પુસ્તક પ્રગટ કર્યું. ત્યાર પછી ડૉ. રામમનોહર લોહિયા, ડૉ.

પી.આર.બ્રહ્માનંદ, ડૉ. દાંડેકર અને ડૉ. રથ, ડૉ. બી. એસ.મિન્હાસ, ડૉ.પ્રણવવર્ધન, ડૉ.એમ.એલ દાંતવાળા વગેરેએ ગરીબીનો જુદીજુદી રીતે અભ્યાસ કર્યા હતો. તેમાંથી માત્ર નોંધપાત્ર અભ્યાસોનો મહત્વનો તારણો નીચે મુજબ નીકળે છે.

**(૧) ડૉ.બી.આર.મિન્હાસનો અભ્યાસઃ-** આયોજન પંચના ભૂતપૂર્વ મેમ્બર શ્રી બી.એસ.મિન્હાએ ભારતમાં ગરીબી પર અભ્યાસ કર્યા હતો. દરેક વ્યક્તિને દરરોજ ૨,૨૫૦ કેલરી ખોરાક મળવો જોઇએ. તેવી ધારણા નીચે ૧૯૬૦-૬૧ ના ભાવોએ જેમની માથાદીઠ વાર્ષિક આવકની સરખામણીમાં વપરાશી ખર્ચ રૂ. ૨૪૦ થી ઓછું હોય તો તે ગરીબી રેખા નીચે જીવે છે. તેવું મંતવ્ય શ્રી મિન્હાસનું છે. તે પ્રમાણે ગણતાં ૧૯૫૭-૫૮ માં ૫૮% વસ્તી એટલે ૨૩.૮ કરોડ વસ્તી ગરીબી રેખા નીચે જીવતી હતી. ૧૯૬૭-૬૮ માં ૩૮% મતલબ કે ૨૫.૭ કરોડ વસ્તી અને ૧૯૭૩-૭૪ માં ૩૯% એટલે કે ૨૩.૨ કરોડ વસ્તી ગરીબી રેખા નીચે જીવતી હતી. અને મિન્હાસની આગાહી મુજબ ૧૯૮૦-૮૧ માં ૨૭% એટલે કે ૧૮.૬ કરોડ વસ્તી ગરીબી રેખા નીચે હોવી જોઇતી હતી. પ્રો. મિન્હાસના મતે દેશમાં ગરીબીમાં ઘટાડો થયો છે. જો કે આ મત સાથે અન્ય અર્થશાસ્ત્રીઓ સહમત થતા નથી. જેમ કે ચોથી પંચવર્ષીય યોજનાના ગાળામાં ભાવોમાં થયેલા તીવ્ર વધારાને લીધે કેટલાક માને છે. કે ગરીબી વધી હોવી જોઇએ.

**(૨) પ્રણવવર્ધનનો એક અભ્યાસ**

ભારતનાં ગામડાઓમાં ગરીબી અંગેનો અભ્યાસ કર્યો હતો. ૧૯૬૦-૬૧ ના ભાવોના સંદર્ભમાં જેમનું વાર્ષિક ખર્ચ રૂ. ૧૮૦ થી ઓછું હોય તેઓ ગરીબી રેખા નીચે જીવે છે. તેવો મત પ્રણવવર્ધનનો હતો ૧૯૬૦-૬૧ માં ૩૮% વસ્તી ગરીબ હતી. જે ૧૯૬૪-૬૫ માં વધીને ૪૫% અને ૧૯૬૮-૬૯ માં વધીને ૫૪% થઇ હતી. ૧૯૬૮-૬૯ માં ૨૪.૬ કરોડ લોકો ગરીબ હતા. આ રીતે પ્રણવવર્ધનની ગણતરી મુજબ દેશમાં ગરીબોની સંખ્યા તથા ટકાવારી ખૂબ વધી છે.

**(3) દાંડેકર અને રથનો અભ્યાસઃ-**

પુનાના ગોખલે ઇન્સ્ટિટ્યુટના ડૉ.દાંડેકર તથા ડૉ.રથે ગરીબી અંગે જે પુસ્તકો લખ્યા છે. તે ખૂબ જ આવકાર પાત્ર બન્યું હતું. તેમની ગણતરી તેમના તારણો થોડાંક વિવાદાસ્પદ હોવા

છતાં ગરીબીની ચર્ચામાં તેણે ખૂબ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. દરરોજ ૨,૨૫૦ કેલરી ખોરાક મેળવવા વર્ષે ગામડામાં રૂ. ૧૭૦ નું ખર્ચ થાય શહેરોમાં રૂ. ૨૭૦ ખર્ચ થાય તેવી ધારણા નીચે ૧૯૬૦-૬૧ માં ગામડાઓમાં ૩૩.૧% અને શહેરમાં ૪૮.૬% ગરીબો હતા. ૧૯૬૮-૬૯ માં આ પ્રમાણ અનુક્રમે ૪૦% થી ૫૦% થયું હોવાનો અંદાજ છે. આમ તેઓના મતે ભારતમાં ગરીબી વધી છે. ૧૯૬૮-૬૯ માં ગામડાઓમાં ૧૬.૬૪ કરોડ અને શહેરોમાં ૪.૯ કરોડ ગરીબો હતા.

**(૪) આયોજનનો અભ્યાસઃ-**

ઇ.સ. ૧૯૮૯ માં એક નિષ્ણાત જૂથની રચના આયોજન પંચને કરી. આ જૂથને દેશમાં ગરીબીનું પ્રમાણ, ગરીબોની સંખ્યા વિશેના અંદાજો તૈયાર કરવા માટેનું પધ્ધતિસર કામ સાંપવામાં આવ્યું. આ નિષ્ણાતોના જૂથે કેલરીનું ધોરણ યથાવત રાખી (ગામડામાં ૨૪૦૦ અને શહેરોમાં ૨૧૦૦ કેલેરીઝનું ધોરણ) રાખીને ગરીબીની રેખા યોગ્ય રીતે ગણતરીની પધ્ધતિ સૂચવી તથા ગરીબોનો અંદાજ પણ આપ્યો.

(૧) ૧૯૭૩-૭૪ થી ૧૯૮૭-૮૮ના ગાળામાં દેશની ગરીબી ૫૪.૯% થી ઘટીને ૩૮.૯% થઇ એટલે કે ૧૪ વર્ષમાં ગરીબીમાં ૧૬% નો ઘટાડો થયો.

(૨) ૧૯૮૭-૮૮ થી ૧૯૯૩-૯૪ ના ત્યારબાદના ૬ વર્ષમાં ગરીબીનું પ્રમાણ ૩૮.૯% થી ઘટીને ૩૬% થયું ૬ વર્ષમાં ગરીબીમાં ૨.૯% એટલે કે વાર્ષિક સરેરાશ ૦.૪૮% નો ઘટાડો થયો.

(૩) ૧૯૮૭-૮૮ થી ૧૯૯૩-૯૪ ના ગાળામાં શહેરી ગરીબી ૩૮.૨% થી ઘટીને ૩૨.૪% થઇ ૫.૮% નો કુલ ઘટાડો થયો. વાર્ષિક સરેરાશ ૦.૯૭% ના દરે ઘટી. જ્યારે ગ્રામીણ ગરીબીમાં માત્ર ૧.૮% નો ઘટાડો થયો. ૧૯૮૭-૮૮ માં ૩૯.૯% થી ઘટીને ૧૯૯૩-૯૪ માં ૩૭.૩% જેટલી થઇ એટલે કે વાર્ષિક સરેરાશ માત્ર ૦.૩% ના દરે ઘટાડો થયો આનો અર્થ એ થયો કે ગ્રામીણ આપણે માટે વધારે ગંભીર પશ્ન છે.

નોંધપાત્ર બાબત તો એ છે કે ૧૯૮૭-૮૮ થી ૧૯૯૩-૯૪ નો સમયગાળો ખાનગીકરણ અને બજારતંત્રનો રહ્યો છે. અલબત આર્થિક સુધારાની પ્રબળ શરૂઆત છેલ્લાં ત્રણ વર્ષોમાં એટલે કે ૧૯૯૧ થી થઇ છે. આથી આર્થિક સુધારા અને ગરીબી વિશે કોઇ તારણ પર આવવું

મુશ્કિલ છે પરંતુ એટલું જરૂર કહી શકાય કે આર્થિક સુધારા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં ગરીબી નિવારણના હેતુની અવગણના થવા પામી હતી.

**(૫) FICCI નો અભ્યાસઃ-**

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ૧૯૬૦-૬૧ ના ભાવે માથાદીઠ માસિક સરેરાશ રૂ. ૨૦ નું લઘુત્તમ ખર્ચ તથા ૧૯૬૯-૭૦ ના ભાવોએ રૂ. ૩૭ ના ખર્ચને આધારે ભારતમાં ૪૧.૨% જેટલી વસ્તીને ગરીબીની રેખા હેઠળ જીવતી દર્શાવી હતી. કૂલ ગરીબોના ૫૦% જેટલી વસ્તી આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ એમ ચાર રાજ્યોમાં જોવા મળી હતી. સૌથી ઓછી ગરીબી ૨૧% પંજાબમાં હતી.

**(૬) અન્ય અભ્યાસ**

**ટેબલ – ૨ ભારતમાં રાજ્ય વાર ગરીબીનું પ્રમાણ**

| રાજ્ય | વર્ષ – ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૧૧-૧૨ | ઘટાડો |
|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | ૨૯.૯ | ૯.૨ | ૨૦.૭ |
| અરૂણાચલ પ્રદેશ | ૩૧.૧ | ૩૪.૭ | -૩.૬ |
| આસામ | ૩૪.૪ | ૩૨.૦૦ | ૨.૪ |
| બિહાર | ૫૪.૪ | ૩૩.૭ | ૨૦.૭ |
| છત્તીસગઢ | ૪૯.૪ | ૩૯.૯ | ૯.૫ |
| દિલ્હી | ૧૩.૧ | ૯.૯ | ૩.૨ |
| ગોવા | ૨૫.૦૦ | ૫.૧ | ૧૯.૯ |
| ગુજરાત | ૩૧.૮ | ૧૬.૬ | ૧૫.૨ |

| | | | |
|---|---|---|---|
| હરીયાણા | ૨૪.૧ | ૧૧.૨ | ૧૨.૯ |
| હિમાચલ પ્રદેશ | ૨૨.૯ | ૮.૧ | ૧૪.૮ |
| જમ્મુ-કાશ્મીર | ૧૩.૨ | ૧૦.૪ | ૨.૮ |
| ઝારખંડ | ૪૫.૩ | ૩૭.૦૦ | ૮.૩ |
| કર્ણાટક | ૩૩.૪ | ૨૦.૯ | ૧૨.૫ |
| કેરલ | ૧૯.૭ | ૭.૧ | ૧૨.૬ |
| મધ્યપ્રદેશ | ૪૮.૬ | ૩૧.૭ | ૧૬.૯ |
| મહારાષ્ટ્ર | ૩૮.૧ | ૧૭.૪ | ૨૦.૭ |
| મણીપુર | ૩૮.૦૦ | ૩૬.૯ | ૧.૧ |
| મેઘાલય | ૧૬.૧ | ૧૧.૯ | ૪.૨ |
| મિઝોરમ | ૧૫.૩ | ૨૦.૪ | -૫.૧ |
| નાગાલેન્ડ | ૯.૦૦ | ૧૮.૯ | -૯.૯ |
| ઓરિસ્સા | ૫૭.૨ | ૩૨.૬ | ૨૪.૬ |
| પાંડીચેરી | ૧૪.૧ | ૯.૭ | ૪.૪ |
| પંજાબ | ૨૦.૯ | ૮.૩ | ૧૨.૬ |
| રાજસ્થાન | ૩૪.૪ | ૧૪.૭ | ૧૯.૭ |
| સિક્કિમ | ૩૧.૧ | ૮.૨ | ૨૨.૯ |
| તામીલનાડુ | ૨૮.૯ | ૧૧.૩ | ૧૭.૬ |

| | | | |
|---|---|---|---|
| ત્રિપુરા | ૪૦.૬ | ૧૪.૧ | ૨૬.૫ |
| ઉત્તરપ્રદેશ | ૪૦.૯ | ૨૯.૪ | ૧૧.૫ |
| ઉત્તરાખંડ | ૩૨.૭ | ૧૧.૩ | ૨૧.૪ |

ભારત રાજ્યમાં ગરીબી પ્રમાણનું વિશ્લેષણ કરતાં સૌથી વધુ ગરીબી ૨૦૦૪-૦૫ માં બિહાર રાજ્યમાં ૫૪.૪ જેટલું છે. અને સૌથી ઓછી ગરીબીનું પ્રમાણ નાગાલેન્ડ માં ૯% જેટલું છે. જ્યારે ૨૦૧૧-૧૨ માં ભારત દેશમાં ગરીબીનું પ્રમાણ સૌથી વધુ છત્તીસગઢ માં ૩૯.૯% જેટલું છે અને સૌથી ઓછી ગરીબી ૨૦૧૧-૧૨ માં ગોવામાં ૫.૧ જેટલી છે. આમ સરેરાશ ૨૦૦૪-૦૫ માં ભારત દેશમાં ગરીબીનું પ્રમાણ ૩૭.૨% જેટલું હતું. તે ઘટીને ૨૦૧૧-૧૨ માં ૨૧.૯%જેટલું થવા પમ્યું છે. તેમાં ખાસ કરીને ખેતીક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્રે, સેવાક્ષેત્રોમાં, થયેલી પ્રગતિને કારણે દેશમાં રોજગારીમાં થયેલા વધારાને લીધે ગરીબીમાં ઘટાડો થયેલ જોવા મળે છે.

**ટેબલ – ૩ ભારતમાં ગરીબીના અભ્યાસ સમિતિનો અહેવાલ (૨૦૧૪)**

| | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|
| લાકડાવાળા સમિતિ | ૨૮.૦૩ | ૨૫.૦૭ | ૨૭.૦૫ |
| તેન્દુલકર સમિતિ | ૪૧.૦૮ | ૨૭.૦૫ | ૩૭.૦૨ |

લાકડાવાળા સમિતિના અહેવાલ પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં ૨૮.૦૩% અને શહેરી વિસ્તારમાં ૨૫.૦૭% લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે. જ્યારે તેન્દુલકર સમિતિના અહેવાલ પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં ૪૧.૦૮%અને શહેરી વિસ્તારમાં ૨૭.૦૫% લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે. કુલ ૩૭.૦૨%બીપીએલ કાર્ડ ધારકો છે તેમ કહી શકાય.

**ટેબલ – ૪ ભારતમાં ગરીબીનું પ્રમાણ માટેનો આવકનો માપદંડ**

| વર્ષ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૪૪૬.૦૭ | ૫૭૮.૦૮ |
| ૨૦૦૯-૧૦ | ૬૭૨-૦૮ | ૮૫૯.૦૬ |
| ૨૦૧૧-૧૨ | ૮૧૬.૦૦ | ૧૦૦૦.૦૦ |

ભારતમાં શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તાર માટેનો ગરીબી રેખા હેઠળના પ્રમાણનો માપદંડ જુદોજુદો છે. ગ્રામિણ વિસ્તારમાં ૪૪૬.૦૭ અને શહેરી વિસ્તારમાં ૫૭૮.૦૮ ઓછું કમાતા હોય છે. તે ગરીબી રેખા હેઠળ જીવે છે. ૨૦૧૧-૧૨ ગ્રામીણ વિસ્તારમાં રૂ. ૮૧૬ અને શહેરી વિસ્તાર માટે ૧૦૦૦ નો માપદંડ નક્કી કરવામાં આવ્યો છે.

**સમાપન**

ભારત દેશમાં પાંત્રીસ ઘટોકોના સંઘમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગરીબીના આંકડાઓ દ્વારા ગરીબીનું પ્રમાણ અલગ અલગ જોવા મળે છે. દેશમાં ગરીબી હટાવવાના ઝુંબેશ ચાલતો હોવા છતાં ગરીબી આપણે નેસ્નાબુદ કરી શક્યા નથી. ઇન્દીરા ગાંધીએ આપેલ સુત્ર "ગરીબી હટાવો દેશ બચાવો" જેવું સુત્ર આજે ફક્ત સુત્ર થઇને રહ્યું છે. દેશમાં ગરીબી, બેકારી, વસ્તી વધારો જેવી મુખ્ય સમસ્યાઓ દેશ સ્વતંત્ર થયો ત્યારે હતી. અને આજે પણ તે સમસ્યાઓ તેટલીજ અર્થતંત્રને અસરકારક છે. દેશમાં ઝડપી વિકાસ કરવા માટે આપણે આયોજનપંચ, નાણાપંચ, પંચવર્ષીય યોજનાઓ અને અનેક યોજનાઓ અને નીતિઓ અમલમાં મુકી હોવા છતાં ગરીબી રૂપી ઉંધઇનો નાશ કરી શક્યા નથી. ગરીબીરેખા નીચે જીવતા લોકોને પણ માનસિક રીતે આ એક પ્રકારની સમસ્યાને જીવનમાં ઉતારી લીધી છે. જેમાંથી બહાર લાવવાનો ગમે તેટલા સરકાર પ્રયત્ન કરે તેમ છતાં તેમની બહાર લાવી શક્યા નથી. ટુંકમાં ગરીબી એક અભિશાપ છે. તેમ કહીએતો અતિશયોક્તિ નથી.

સંદર્ભ ગ્રંથઃ-

(૧) ભારતના આર્થિક વિકાસની સમસ્યા ,બી.એસ.શાહ પ્રકાશન સત્તરમી આવૃતિ-
૧૯૯૮-૯૯

(૨) ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ, શ્રેષ્ઠ પ્રકાશન.

(૩) ધો-૧૨ અર્થશાસ્ત્ર મોર્ડન, સી જમનાદાસની કંપની

(૪) Economics Survey ૨૦૧૨-૨૦૧૩

(૫) ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ, યુનિર્વસીટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય.

(૬) V.S.Vays Agricultural Policies For Nineties :- issues and Approaches
Economic & Political Weekly.